NAVSARI AGRICULTURAL UNIVERSITY

સંશોધન નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી- ૩૯૬ ૪૫૦

Azadi Ka Amrit Mahotsav

ડો. ટી.આર.અહલાવત
ઇ./ચા.સંશોધન નિયામક

# -:: પરિપત્ર ::-

**Government e-Marketplace (GeM) રીફ્રેશર ટ્રેનીંગનું આયોજન કરવા બાબત..**

આથી નવસારી કૃષિ યુનિવર્સીટીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપશ્રીના યુનિટ/સબયુનિટ હસ્તકની વિવિધ વિકાસ ખર્ચ (પ્લાન) યોજનાઓ તેમજ આપના હસ્તકની નોન-પ્લાન/આઇસીએઆર/અધર એજન્સી/રીવોલ્વીંગ ફંડ વગેરે યોજનાઓમાં વિવિધ ચીજવસ્તુઓ/સેવાઓની ખરીદીઓ GeM પોર્ટલ પરથી કરવાની થતી હોય છે. GeM પરથી કરવાની થતી ખરીદીઓ અંગે GeM પર રજીસ્ટર્ડ ખરીદકર્તાઓ તેમજ ડીડીઓશ્રીને રહેતા પ્રશ્નો અંગે માર્ગદર્શન મળી રહે તેમજ GeM પરની ખરીદીઓ વધારે કાર્યક્ષમ રીતે થઇ શકે તે હેતુથી GeM રીફ્રેશર ટ્રેનીંગનું આયોજન નીચે મુજબના સમય અને સ્થળે કરવામાં આવેલ છે, જેમાં ગવર્મેન્ટ ઈ માર્કેટપ્લેસ, ગાંધીનગરથી પધારનાર GeM Master Trainer દ્વારા પોર્ટલ વિષે તાલીમ આપવામાં આવનાર છે.

આ તાલીમ કાર્યક્રમમાં નવસારી કૃષિ યુનિવર્સીટીના **તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ(DDO), ગવર્મેન્ટ ઈ માર્કેટપ્લેસ પર રજીસ્ટર થયેલ માત્ર એક્ટીવ ખરીદકર્તાઓ (Buyers), તેમજ ગવર્મેન્ટ ઇ-માર્કેટપ્લેસના પ્રતિનીધીઓએ (GeM Point Person) ફરજીયાત પણે હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.** તેમજ યુનીવર્સીટી અધિકારીશ્રીઓ, આચાર્યશ્રી અને ડીનશ્રીઓને પણ હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.

**તારીખ:** ૦૨/૦૫/૨૦૨૫
**સમય:** સવારે ૦૮:30 થી બપોરના ૦૧:૦૦ વાગ્યા સુધી
(કાર્યક્રમ અંગેની વિસ્તૃત માહિતી ઈ-મેઈલ દ્વારા જણાવવામાં આવશે).

**સ્થળ:** સેન્ટ્રલ એક્ઝામીનેશન હોલ, ન.કૃ.યુ., નવસારી.

વધુમાં, GeM રીફ્રેશર ટ્રેનીંગમાં જો કોઈ ડીડીઓશ્રી, એક્ટીવ ખરીદકર્તા કે પોઈન્ટ પર્સન હાજર રહી શકે તેમ ના હોય તો તે અંગેના કારણો સહીતની જાણકારી **માત્ર પ્રોપર ચેનલ મારફત** અત્રેની કચેરીને તારીખ 30/૦૪/૨૦૨૫ સુધીમાં ફક્ત સ્કેન કોપીમાં gem@nau.in પર મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

**જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/GeM ટ્રેનીગ/ ૭૧૫૪-૬૫ /૨૦૨૫**
**તા.૨૮.૦૪.૨૦૨૫**

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિધાશાખાદયક્ષ**

**નકલ રવાના:**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૨. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૩. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૪. હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૫. કાર્યપાલક ઇજનેરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૬. સર્વે આચાર્યશ્રીઓ/ડીનશ્રીઓ/યુનિટ અધિકારીશ્રીઓ તરફ આપના નિયંત્રણ હેઠળના અધિકારીઓ/કર્મચારીઓને હાજર રહેવા જરૂરી સુચના આપવા વિનંતી છે.
૭. IT તરફ સદર તાલીમ અર્થે જરૂરી કનેક્ટીવીટી તેમજ આઇ.ટી.ને લગતી સંપુર્ણ વ્યવસ્થા તાલીમ સ્થળ પર કરવા અંગે ઘટતું થવા વિનંતી.

G:\Rohit\GeM\GeM circular.docx